

નવરાતનો પ્રાંરભ થઈ ચુકયો છે. બીજી નવરાત્રીએ કલ્ચરલ ફોરમના આંગણે ગરબાની રમઝટ બોલાવી હતી અને માનવ મહેરામણ ઉમટયો હતો. આબાલ વૃદ્ધ, સૌ કોઈ ગરબાના તાલે ઝૂમ્યા હતા. (તસવીર : દિપક જાની)

## આજની નવલી નવરાત

- સેકટર-૩-ન્યુ નવરાત્રી ચોકમાં લાલઘર મ્યુઝિકલ ગૃપ ના તાલે ખેલૈયાઓ ઝુમશે.
- સેકટર-૩-બી નવરાત્રી ચોકમાં વાવોલની દિનેશકુમાર એન્ડ પાર્ટી રાસ ગરબામાં તાલ થી તાલ મિલાવશે.
- સેકટર-૫-સી નવરાત્રી ચોક ખાતે ક્રિષ્ણા કલાવૃંદ ના કમલેશ વાઘેલા, કવિતાબેન રાણા રાસ ગરબામાં જમાવટ કરશે.
- કલ્ચરલ ફોરમ ગાંધીનગર બાલનગરી ગ્રાઉન્ડ સેકટર-૬ ખાતે અમિત ઠક્કર, દિપ્તી દેસાઈ રાસ ગરબામાં હિલોળા લેવડાવશે.
- સેકટર-૮ એકતા ચોકમાં ચામુંડા મ્યુઝિકલ કલાવૃંદ રાસ ગરબાની મોજ કરાવશે.
- સેકટર-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવમાં ઝનકાર ગૃપના સોનલ બારોટ રાસ ગરબાની હિંચ લેવડાવશે.
- સરઢવ વારાહી ચોકમાં અમદાવાદના કોમલ આર્ટ, નીતન બારોટ અને સોનુ ચારણ રાસ- ગરબાથી રમઝટ કરાવશે.
- સરઢવ માંડવી ચોક ઉગમણી ભાગોળે વૈભવી મયુઝિકલ નાઈટ અમદાવાદ-વૈભવી દવે અને ધીરજ બાણાવળી રાસ ગરબાની રમઝટ કરાવશે.

## પહેલુ નોરતુ

### કલ્ચરલ ફોરમના ગરબામાં આજના વિજેતાઓ

| કેટેગરી | વિજેતા ખેલૈયા |
| --- | --- |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ | પ્રનિત જૈન - વિનર |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ | માનવરાજસિંહ પરમાર - રનર્સઅપ |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ | નેયા પટેલ - વિનર |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ | હેલી ઠક્કર - રનર્સ અપ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ | જૈનિલ મકવાણા - વિનર |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ | વિનીત ગાજરિયા - રનર્સ અપ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) - ગર્લ્સ | મૌરવી વોરા - વિનર |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) - ગર્લ્સ | જીલ ભટ્ટ - રનર્સ અપ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૪ વર્ષ) - બોયઝ | આયુષ તલાટી - વિનર |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૪ વર્ષ) - બોયઝ | યોગેશ થારાણી - રનર્સ અપ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૪ વર્ષ) - ગર્લ્સ | ઉષ્મા માંડવીયા - વિનર |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૪ વર્ષ) - ગર્લ્સ | જહાનવી મિસ્ત્રી - રનર્સ અપ |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સ | કુણાલ શાહ - વિનર |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સ | રવિરાજ દેસાઈ - રનર્સ અપ |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ | અર્પિતા પટેલ - વિનર |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ | રિધ્ધી ડાભી - રનર્સ અપ |
| બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના) | જયંત બુચ - વિનર |
| બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના) | સર્જિત નાણાંવટી -રનર્સઅપ |
| બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના) | બીના દેસાઈ - વિનર |
| બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના) | મેઘા ભટ્ટ - રનર્સ અપ |
| બેસ્ટ પેર | ભૌમિક ચૌહાણ-મીરા ચૌહાણ - વિનર |
| બેસ્ટ પેર | હિરેન સોલંકી-દર્શના સોલંકી - રનર્સ |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ | સુશીલ જાદવ - વિનર |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ | નિકુંજ ઠાકર - રનર્સ અપ |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ | ધ્વનિ શાહ - વિનર |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ | કરમિશ્મા વોરા - રનર્સ અપ |



નવલી નવરાત 'માં' અંબાની આરાધના કરવાનું પર્વ બહેનો ગરબે ગુમી માતાજીના પારંપરિક ગરબાનો આનંદ મેળવે છે. સેકટર-૩ ખાતે ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## આનંદના ગરબા

● સેક્ટર-૨૩ માઈ મંડળ દ્વારા આનંદનો ગરબો આજરોજ રવિવારે બપોરે ૨ થી ૫ દરમિયાન હસુબેન દિલીપભાઈ જોષી નિવાસસ્થાન બ્લોક નં. ૩૫/૨, છ-ટાઈપ, સેક્ટર-૨૩ ખાતે યોજાશે.

● ભારત વિકાસ પરિષદ ગાંધીનગર મહિલા પાંખ દ્વારા આજે બપોરે ૨ થી ૫ દરમિયાન આનંદનો ગરબો વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર સેક્ટર-૨૨ ખાતે યોજવામાં આવશે. ભાવિ ભક્તોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

## દિકરાને સ્કુલે મુકીને ઘરે પરત ફરતી મહિલાનો દોરો ખેંચાયો

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૪ સહયોગ ફલેટ મકાન નં. એમ-૧૭/૨૦૩માં રહેતા જશીબેન કેશવલાલ ચૌધરી પોતાના દિકરાને કડી સ્કુલમાં મુકીને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે રસ્તામાં બે સવારી ચેઈન સ્નેચર્સ બાઈક પર આવ્યા અને ગળામાં હાથ મારીને રૂ. ૨૫ હજારની કિંમતનો એક તોલાનો સોનાનો દોરો આંચકી ચેઈન સ્નેચીંગ બાદ પળવારમાં જ રફફુચક્કર થઈ ગયા હતાં. મહિલાની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

### યા દેવી સર્વ ભૂતેષૂ શક્તિરૂપેણ સંસ્થીથા

# સમગ્ર જગત જેના ચરણોમાં છે તે કૂષ્માંડા માતાજીના ચોથા સ્વરૂપનો આજે પૂજન મહિમા

### જ્યારે સૃષ્ટિનું અસ્તિત્વ નહોતુ ત્યારે કૂષ્માંડા દેવી માતાએ બ્રહ્માંડની રચના કરી હતી

ગાંધીનગર, તા. ૨૭

જે આદ્યશક્તિ દેવી ભગવતીના સ્મરણ માત્રથી આનંદ થાય, જેમની પૂજા અર્ચનાથી મનોકામના સિધ્ધ થાય અને જેમની આરાધના બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કરે છે, તેવા જગતજનની માઁ અંબાના અનેક અવતારોનું વર્ણન પૌરાણિક ગ્રંથોમાં કરેલું છે. જેમાં નવરાત્રીના નવ સ્વરૂપોનો પણ ઉલ્લેખ છે. પવિત્ર આ તહેવારમાં નવ દિવસ સુધી માતાજીના નવ સ્વરૂપોનું પૂજન થાય છે અને રાત્રીએ ગરબા કરવા એ પણ માતાજીમાં શ્રધ્ધાનું પ્રતિક ગણાય છે. આજે નવરાત્રીના ચોથા દિવસે ચતુર્થ સ્વરૂપ એવા દૈવીશક્તિ કૂષ્માંડા માતાજીના પૂજન અર્ચનનો મહિમા વર્ણવ્યો છે.

સમગ્ર જગત જેના ચરણોમાં છે તેવી જગત જનની માઁ જગદંબાના ચોથા સ્વરૂપમાં કૂષ્માંડા દેવી માતાજીનું આજે વિધિપૂર્વક પૂજન અર્ચન કરવામાં આવશે. જ્યારે સૃષ્ટિનું અસ્તીત્વ નહોતુ ત્યારે કૂષ્માંડા માતાએ બ્રહ્માંડની રચના કરી હતી. તેમના મંદ મંદ હાસ્યથી બ્રહ્માંડની ઉત્પતિ થવાના કારણથી તેઓ કૂષ્માંડા કહેવાયા. અને તેથી જ આ માતાજી સૃષ્ટિની આદિસ્વરૂપા આદ્યશક્તિ ગણાય છે.

કૂષ્માંડા દેવીમાતાનું નિવાસ સૂર્યમંડળના અંદરના લોકમાં છે અને ત્યાં નિવાસ કરવાની શક્તિ અને ક્ષમતા ફક્ત આ દેવી માઁ જ છે. માતાજીની શરીરની કાંતિ અને પ્રભા સૂર્યની સમાન અલૌકિક છે. માતાજીના તેજથી અને પ્રકાશથી બ્રહ્માંડની બધી વસ્તુઓ અને પ્રાણીઓમાં રહેલા તેજમાં માતાજીની છાયા રહે છે. આ માતાજીની આઠ ભુજાઓ છે જેથી કૂષ્માંડાને અષ્ટભૂજા દેવીથી પણ પૂજાય છે. માતાજીના સાત હાથોમાં ક્રમશઃ કમંડલ, ધનુષ, બાણ, કમલપુષ્પ, અમૃતપૂર્ણ કળશ, ચક્ર, તથા ગદા છે જ્યારે આઠમા હાથમાં તમામ સિદ્ધિઓ અને નિધિયો પ્રદાન કરવાવાળી જપમાળા છે. માઁ કૂષ્માંડા સિંહના વાહન ઉપર સવાર રહે છે.

માતાજીની ભક્તિ, પૂજન-અર્ચન અને ઉપાસનાથી ભક્તોના તમામ રોગ, શોક દુર થાય છે તેમજ આયુષ્ય, યશ, બળ અને આરોગ્યમાં વૃદ્ધિ થાય છે. આ દિવસે સાધકનું મન 'અદાહત' ચક્રમાં અવસ્થિત હોય છે જેથી આ દિવસે બહુ જ પવિત્ર અને અચંચલ મનથી કૂષ્માંડા માતાજીના સ્વરૂપને ધ્યાનમાં રાખી પૂજા ઉપાસનાનું કાર્ય કરવું જોઈએ અને રાત્રીએ માતાજીના શ્રદ્ધાપૂર્વક ગરબા ગાવા અને રમવા જોઈએ તેવું શાસ્ત્રોએ વર્ણવ્યું છે અને કરેલા વ્રત, જપ અને આરાધના થકી માતાજી પ્રસન્ન થાય છે.

# સે-૭ પોલીસે એક જ રાતમાં ૭૦ બાઈકો ડીટેઈન કર્યા

### ત્રણ સવારી તથા ધુમ સ્પીડે જતા બાઈક ચાલકો પર પોલીસનો સપાટો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સે-૪ શેરી ગરબા સહિત માર્ગો પર રાત્રે ગરબા પતાવીને ત્રણ ત્રણ સવારી નીકળેલા તથા ધુમ સ્પીડે વાહન ચલાવતા ૭૦ જેટલા વાહન ચાલકોને સે-૭ પોલીસે પકડી તમામના વાહનો ડીટેઈન કરી લઈ કોર્ટ મેમો પકડાવી દીધા હતાં.

સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ જે.એમ. ભરવાડ દ્વારા ગત વર્ષે નવરાત્રીમાં આરંભેલી વાહન ડીટેઈન ઝુંબેશથી લોક રોષ ભભુકયો હતો જો કે બીજુ પાસુ જોઈએ તો આ વિસ્તારમાં સમગ્ર નવરાત્રી દરમિયાન માત્ર એક સ્કુટર ચોરી સિવાય એક પણ વાહન ચોરી થઈ ન હતી. આ વર્ષે પણ ગરબા ગ્રાઉન્ડથી રાત્રે ગરબે ઘુમીને નિકળેલા વાહનો પર સે-૭ પોલીસે સપાટો બોલાવ્યો છે. બેફામ સ્પીડે નીકળતા બાઈક ચાલકો અને ત્રણ સવારી જતા બાઈક ચાલકો મળીને ૭૦ બાઈક ચાલકોને પકડીને તેમના વાહનો ડીટેઈન કરી લેવાયા છે. તમામ ૭૦ વાહન ચાલકોને કોર્ટ મેમો આપવામાં આવ્યો છે.

# પરિણીત યુવતીને કુડાસણનો યુવાન પિયરમાંથી જ ભગાડી ગયો..!

### પરિણીતાના પિતાની ફરિયાદનો આધારે કુડાસણના શખ્સ સામે વ્યભિચારનો ગુનો દાખલ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરને અડીને આવેલા કુડાસણ ગામની પરિણીત યુવતી પિયરમાં રહેતી હતી દરમિયાન પિયરમાંથી જ ગામનો એક યુવાન શખ્સ તેણીને ઉઠાવી ગયો છે. યુવતી પરિણીત હોવાનું જાણતો હોવા છતાં વ્યભિચાર કરે તેવા ઈરાદાથી યુવતીને ફોસલાવીને ભગાડી જવાના સંદર્ભે યુવતીના પિતાએ ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં યુવાન શખ્સ સામે વ્યભિચારની ફરિયાદ આપી છે.

કુડાસણના પ્રજાપતિ વાસમાં રહેતી સોનલનાં લગ્ન એકાદ વર્ષ પહેલા બનાસકાંઠાના શિયા ગામમાં રોહીત ઠાકોર સાથે લગ્ન થયા હતા. હાલ સોનલ પોતાના પિયર કુડાસણ રહેતી હતી. ૯ સપ્ટેમ્બરના રોજ મુળ પાટણ જિલ્લાનો અને હાલ કુડાસણમાં જ રહેતો ગણપત હિરાભાઈ ચૌહાણ સોનલને ભગાડી ગયો હતો. સોનલ પરણેલી હોવાની જાણ હોવા છતાં વ્યભિચારના ઈરાદાથી ફોસલાવીનેભગાડી જનાર ગણપત અને સોનલના પિતા રમેશજીએ ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા જમાદાર લક્ષ્મણસિંહે વધુ તપાસ શરુ કરી છે.




કચ્છ કડવા પાટીદાર દ્વારા બલરામ મંદીર પરિસર ખાતે પારંપરિક ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સમાજનાં ભાઈ-બહેનો અને યુવાઓ નવરાત્રી દરમિયાન સંગીતના તાલે રમઝટ બોલાવશે. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૧
સૂર્યાસ્ત : ૬.૨૯

## તાપમાન

મહત્તમ : ૨૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૮ ટકા ● સાંજે ૫૬ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :

ખૂબસૂરત : ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

ડિલીવર અસ ફ્રોમ એવિલ (અંગ્રેજી) : ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

ખૂબસૂરત : ૧૦.૦૦
દાવત એ ઈશ્ક : ૧૨.૧૫, ૭.૪૫
૩ એ.એમ. : ૨.૩૦
બે યાર (ગુજરાતી) : ૫.૦૦
ડેસી કટ્ટે : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

૩ એ.એમ. : ૧૦.૦૦
ડેસી કટ્ટે : ૧૨.૩૦, ૬.૩૦
ખૂબસૂરત : ૩.૩૦
દાવત એ ઈશ્ક : ૧૦.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ડેસી કટ્ટે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

દાવત એ ઈશ્ક : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
૩ એ.એમ. : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :

બલવિંદરસિંઘ ફેમસ હો ગયા : ૧૦.૦૦, ૭.૦૦
દાવત એ ઈશ્ક : ૧.૦૦
૩ એ.એમ. : ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ સંકલ્પથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરનો યોગ. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. જયંતિભાઈ મંગળદાસ ચૌહાણ (ઉ.વ.૭૨) પ્લોટ નં. ૧૪૭૭/૧, સેકટર-૩સી, ગાંધીનગર
- સ્વ. દલસીબેન માવજીભાઈ દંતાણી (ઉ.વ.૭૦) ચરેડી છાપરા, સેક્ટર-૨૮, ગાંધીનગર
- સ્વ. કાન્તીજી ફતાજી ઠાકોર (ઉ.વ.૪૮), મુ. ચિલોડા મોટા, તા.જી. ગાંધીનગર